# ગોંડળ કોષ

એક કરોડ માણસોને મુખે બોલાતી ગુજરાતી ભાષામાં એક લાખ ને ત્રેપન હજાર શબ્દો છે એ હકીકતની જાણ કોઈ પણ આત્મભાનવાળા ગુજરાતીને ગર્વ અને હર્ષ ઉપજાવનારી છે. પોતાની ભાષાની એ સમૃદ્ધિનું ભાન ગુજરાતી જનતાને કરાવવાનો યશ 'ગોંડળ-કોષ'ને વરશે.

આજ સુધી થએલા બધા કોષોની એમાં સહાય લેવાઈ છે એ હકીકત સ્વીકારવા છતાં પણ એના પ્રયત્નનો યશ ઓછો થતો નથી. નર્મદાશંકર, લલ્લુભાઈ પટેલ, ગુ.વ. સોસાએટી અને ભરતરામના કોષોના શબ્દોની સંખ્યા બેંતાળીસેક હજારની હતી; તેમાંથી દોઢ લાખ સુધીની સંખ્યાએ પહોંચવા માટે જે ખંત, ચોકસાઈ અને નિષ્ઠા જોઈએ તે બધાં ગોંડળ કોષની પાછળ એક દેશી રાજ્યને ખુણે ખરચાઈ રહ્યાં છે તેની જાણ, બહારની દુનિયાને બહુ ઓછી છે.

શબ્દસંખ્યાની દૃષ્ટિએ તેની સમૃદ્ધિ ગણીએ તો તો આ કોષ પ્રથમ સ્થાન ભોગવશે એ નિર્વિવાદ વાત છે; પરંતુ ગુણની દૃષ્ટિએ નાણી જોનારને પણ કસોટીમાં એ ઓછો ઉતરતો ન લાગે એવા પ્રયત્નો થાય છે. જેમ એની સંખ્યાની બાબતમાં, ગુજરાતી ભાષામાં વપરાતો એક પણ શબ્દ ખુણે-ખાંચરે પણ ન રહી જવા પામે તેની કાળજી કેળવણીખાતાના ગામડેગામડાના છસ્સો મહેતાજીઓના સૈન્યની સહાયથી લેવાય છે તેમ જ, એની શુદ્ધિ ને શાસ્ત્રીયતા જાળવવા માટે ગુજરાતી ભાષાના બની શકે તેટલા સાક્ષરો ને માન્ય વિદ્વાનોની નજર તળે એને કાઢવાનો પ્રયત્ન થાય છે, અને એની સર્વદેશીયતા સચવાય તે માટે કોમેકોમ ને ધંધેધંધાના ખાસ શબ્દો, સોની કંસારા વગેરેના સંજ્ઞાશબ્દો (ફારસીઓ) વગેરે પણ તેનાં સાચાં મુળ પકડીપકડીને એકઠા કરવામાં ખુબ મહેનત કરાય છે. આમ ગુજરાતી ભાષાની તળિયાઝાટક શબ્દશુમારી કરવાનો આ પ્રયત્ન ખરેખર સમર્થ લાગે છે.

આવા મહાભારત પ્રયત્નના પ્રયોજક તરીકે એક દેશી રાજ્યના નરેશનું નામ મુકાએલું જણાય ત્યારે સ્વાભાવિક રીતે સૌને એમાં દુન્યવી શિષ્ટાચાર જ લાગે. જેમ પુસ્તકોની અર્પણપત્રિકાઓ માત્ર તેનું મુદ્રણખર્ચ (આખું અથવા હિસ્સાથી) આપનાર રાજાસાહેબોને એમનાં અસંખ્ય ગુણકીર્તન સહિત લખાય છે, તેવું આ કોષના પ્રયોજક મહારાજાને વિષે નથી એ વસ્તુસ્થિતિની ખરી જાણ થનારને આશ્ચર્ય થાય છે. કોષ જેવા દુર્ઘટ કાર્યના સંપાદનને માટે જે આગ્રહભરી ચોકસાઈ, નિષ્ઠા ને ઝહેમત જોઈએ તે બધી અબાધિત નાણાંખર્ચ સાથે એ જાતમહેનતથી પુરતો રસ લઈને ખર્ચે છે. ગુજરાતી વાડમય ઉપરનું એમનું એ ઋણ સદા યાદગાર રહેશે.

**‘કુમાર’ માસિકના જાન્યુઆરી ૧૯૩૦ના સળંગ અંક ૦૭૩માંથી ..સાભાર**

**( લખાણની મૂળ જોડણી યથાવત જાળવી છે )**

**સૌજન્ય :** આ લેખ વીશેની માહીતી અને લેખના પાનાં  - કુમાર-કોશ rameshbshah.wordpress.com ના રચયિતા સુરતના **શ્રી રમેશ શાહ** shahrameshb@gmail.com તરફથી અમને મળ્યાં છે તેમના સહયોગ બદલ અમે તેમના આભારી છીએ...